For live updates : Like /Gujaratmitra | Follow /Gujaratmitra | /Gujaratmitr | Subscribe /Gujaratmitra | /Gujaratmitra | www.gujaratmitra.in

### મતદાન પ્રક્રિયા પૂર્ણ ન થાય ત્યાં સુધી નેતાઓ સરકારી વાહનો વાપરી નહીં શકે

# માંજલપુર પેટાચૂંટણી : મેયર સહિત ૫ હોદ્દેદારોની ગાડીઓ જમા : આચારસંહિતાનો કડક અમલ શરૂ

**ચૂંટણી** પ્રક્રિયા પૂર્ણ થયા બાદ જ ફરી સોંપાશે વાહનો; ચૂંટણી પંચના નિયમોનો અમલ

(પ્રતિનિધિ) વડોદરા તા.4

વડોદરા શહેરની માંજલપુર વિધાનસભા બેઠકની પેટાચૂંટણી જાહેર થતાં શહેરમાં 2 જુલાઈથી આદર્શ આચારસંહિતાનો અમલ શરૂ થયો છે. ચૂંટણી પંચના નિયમોના પાલનના ભાગરૂપે વડોદરા મહાનગરપાલિકાએ મેયર, ડેપ્યુટી મેયર, સ્થાયી સમિતિના ચેરમેન સહિત કુલ પાંચ હોદ્દેદારોને ફાળવવામાં આવેલી સરકારી ગાડીઓ પરત લઈ કોર્પોરેશનના વ્હીકલ પુલમાં જમા કરાવી છે.

ચૂંટણી પંચના નિયમો મુજબ ચૂંટણી દરમિયાન સરકારી વાહનો અને અન્ય સરકારી સંસાધનોનો ઉપયોગ ચૂંટણી પ્રચાર અથવા વ્યક્તિગત હેતુ માટે કરી શકાતો નથી. આ મુદ્દે વડોદરાના પૂર્વ વિપક્ષી નેતા દ્વારા મ્યુનિસિપલ કમિશનરને લેખિત રજૂઆત કરી સરકારી વાહનો પરત લેવા માંગ કરવામાં આવી હતી. રજૂઆતમાં આચારસંહિતાના અમલ દરમિયાન સરકારી વાહનોનો ઉપયોગ નિયમભંગ ગણાવાયો હતો.

આ રજૂઆતને ધ્યાનમાં રાખી કોર્પોરેશનના વ્હીકલ પુલ વિભાગે તાત્કાલિક કાર્યવાહી કરી તમામ પાંચ સરકારી વાહનો પરત મેળવી લીધા હતા. સત્તાવાર સૂત્રોના જણાવ્યા મુજબ, માંજલપુર પેટાચૂંટણીની સમગ્ર પ્રક્રિયા પૂર્ણ થઈ આચારસંહિતા હટે ત્યાં સુધી આ વાહનો કોર્પોરેશનના કબજામાં જ રહેશે. ત્યારબાદ નિયમો મુજબ સંબંધિત હોદ્દેદારોને ફરી સોંપવામાં આવશે. ચૂંટણી દરમિયાન તંત્રની આ કાર્યવાહી રાજકીય વર્તુળોમાં ચર્ચાનો વિષય બની છે.

## ચૂંટણી અધિકારી દર્શન શાહ અને ખર્ચ નિરીક્ષક તરીકે સુરેન્દ્ર મલિકની નિમણૂક

વડોદરા શહેરની 145-માંજલપુર વિધાનસભા બેઠકના ધારાસભ્ય સ્વ. યોગેશભાઈ નરણદાસ પટેલના અવસાનથી ખાલી પડેલી બેઠક માટે ભારતીય ચૂંટણી પંચે પેટાચૂંટણીનો કાર્યક્રમ જાહેર કર્યો છે. ચૂંટણી પ્રક્રિયા નિષ્પક્ષ અને પારદર્શક રીતે પૂર્ણ થાય તે માટે વિવિધ અધિકારીઓની નિમણૂક પણ કરવામાં આવી છે. પેટાચૂંટણીના સંચાલન માટે નાયબ કલેક્ટર (જમીન સુધારણા) દર્શન શાહને ચૂંટણી અધિકારી તરીકે નિયુક્ત કરવામાં આવ્યા છે. તેઓ ઉમેદવારીપત્રો સ્વીકારવા, તેની ચકાસણી, મતદાન મથકોની વ્યવસ્થા, મતગણતરી સહિતની સમગ્ર ચૂંટણી પ્રક્રિયાનું સંચાલન કરશે. આ ઉપરાંત આચારસંહિતાના અમલ અને કાયદો-વ્યવસ્થાને લગતી કામગીરી પર પણ તેમની દેખરેખ રહેશે. ઉમેદવારોના ચૂંટણી ખર્ચની દેખરેખ માટે ભારતીય ચૂંટણી પંચે ભારતીય મહેસૂલ સેવાના અધિકારી સુરેન્દ્ર મલિકને ચૂંટણી ખર્ચ નિરીક્ષક તરીકે નિયુક્ત કર્યા છે. તેઓ ઉમેદવારોના ખર્ચના હિસાબોની ચકાસણી, નિરીક્ષણ તેમજ ચૂંટણી પંચને નિયત સમયસર અહેવાલ રજૂ કરવાની કામગીરી કરશે. ઉપરાંત મતગણતરી બાદ ચૂંટણી ખર્ચના હિસાબોની અંતિમ તપાસમાં જિલ્લા ચૂંટણી અધિકારીને પણ સહયોગ આપશે.



### મેઘરાજાએ ધમાકેદાર એન્ટ્રી કરતા વાતાવરણમાં ઠંડક પ્રસરી

# મેઘમહેર : વડોદરા શહેરમાં ૩૯ મીમી., સાવલીમાં સૌથી વધુ ૭૮ મીમી વરસાદ

( પ્રતિનિધિ) વડોદરા,તા.4

વડોદરા જિલ્લા કન્ટ્રોલ રૂમ દ્વારા જાહેર કરાયેલા વરસાદના આંકડા મુજબ, જિલ્લામાં છેલ્લા 24 કલાકમાં સરેરાશ 24.13 મી.મી. વરસાદ નોંધાયો છે. સીઝનનો કુલ વરસાદ સરેરાશ 76.38 મી.મી. થયો છે.

વડોદરા જિલ્લામાં મેઘમહેર થતા છેલ્લા ઘણા સમયથી કાળઝાળ ગરમીથી ત્રાહિમામ પોકારી ઊઠેલા નગરજનોએ રાહત અનુભવી હતી. મધરાત્રીએ મેઘરાજાએ ધમાકેદાર એન્ટ્રી કરતા વાતાવરણમાં ઠંડક પ્રસરી ગઈ હતી. સાવલીમાં સૌથી વધુ 78 મી.મી. વરસાદ પડ્યો. મોડી રાત્રે 2 થી 4 વાગ્યા દરમિયાન 21 મીમી. અને સીઝનનો કુલ વરસાદ 78 મી.મી., ડભોઈમાં 71મી.મી વરસાદ સાથે બીજા ક્રમે વડોદરા શહેરમાં 39 મી.મી., ડેસર 141 મી.મી વરસાદ, વાઘોડિયા 50 મી.મી , વડોદરા શહેરમાં 20 મી.મી. વરસાદ. સીઝનનો કુલ 37 મી.મી., કરજણ 17 મી.મી. વરસાદ. સીઝનનો કુલ7 39 મી.મી.,પાદરા 14 મી.મી. વરસાદ. સીઝનનો કુલ 82 મી.મી., સિનોર સૌથી ઓછો 9 મી.મી. વરસાદ. સીઝનનો કુલ 96 મી.મી.,. મોટાભાગના તાલુકાઓમાં વરસાદ બપોરે 12 થી સાંજે 4 અને મોડી રાત્રે 12 થી સવારે 6 વાગ્યા દરમિયાન નોંધાયો છે. સવારે 6 થી બપોરે 12 વાગ્યા સુધી સમગ્ર જિલ્લામાં વરસાદનું પ્રમાણ શૂન્ય રહ્યું હતું. હવામાન ખાતાની આગાહી મુજબ આગામી 48 કલાકમાં ભારેથી અતિભારે વરસાદની આગાહી કરવામાં આવી છે.

### વડોદરાના જેતલપુર બ્રિજ નીચે વરસાદી પાણીનો નિકાલ નહિ થતા લોકોને હાલાકી



વડોદરામાં વરસાદ બાદ જેતલપુર બ્રિજ પાસે વરસાદી પાણી ભરાઈ જતાં વાહનચાલકોને ભારે હાલાકીનો સામનો કરવો પડ્યો હતો. પાણી ભરાવાના કારણે વાહનોની અવરજવર ધીમી પડી હતી અને ટ્રાફિક પણ પ્રભાવિત થયો હતો. સ્થાનિકોના જણાવ્યા મુજબ, વરસાદી પાણીના યોગ્ય નિકાલના અભાવે દર વર્ષે અહીં આવી સ્થિતિ સર્જાય છે. ખાસ કરીને દ્વિચક્રી વાહનચાલકો માટે અકસ્માતનો ભય ઉભો થયો હતો. સ્થાનિકોએ વડોદરા મહાનગરપાલિકાની પ્રી-મોન્સૂન કામગીરી સામે સવાલો ઉઠાવી વરસાદી પાણીના કાયમી નિકાલ માટે અસરકારક ડ્રેનેજ વ્યવસ્થા ઉભી કરવાની અને તાત્કાલિક પગલાં ભરવાની માંગ કરી છે.

### તાપમાન 30.૬ ડીગ્રી થતાં ગરમી ઘટી

વડોદરા શહેરમાં ચોમાસાની જમાવટ વચ્ચે શનિવારે વાદળછાયું વાતાવરણ યથાવત્ રહ્યું હતું. હવામાન વિભાગના આંકડા મુજબ વડોદરાનું મહત્તમ તાપમાન 30.6 ડિગ્રી સેલ્સિયસ અને લઘુત્તમ તાપમાન 25.6 ડિગ્રી સેલ્સિયસ નોંધાયું હતું. સવારના સમયે ભેજનું પ્રમાણ 89% નોંધાતા વાતાવરણમાં ભારે બફારો અનુભવાયો હતો. જોકે સાંજે ભેજનું પ્રમાણ ઘટીને 74% થયું હતું. વાદળોના કારણે દિવસ દરમિયાન તાપમાનમાં સામાન્ય ઘટાડો થયો હતો.

### બોડી કોર્પોરેટને મંજૂરી મળતા ટ્રસ્ટ-સોસાયટીની ફરજિયાત શરત હટશે

# CBSEના નિયમોમાં મોટો ફેરફાર, હવે પ્રાઈવેટ કંપનીઓ પણ શરૂ કરી શકશે સ્કૂલો

**જમીન** અને પ્લેગ્રાઉન્ડના નિયમોમાં પણ મોટી રાહત

**નેપ ૨૦૨૦ને** અનુરૂપ નિર્ણય; ગુણવત્તાયુક્ત શિક્ષણ અને ખાનગી રોકાણને મળશે પ્રોત્સાહન

(પ્રતિનિધિ) વડોદરા,તા.4

સેન્ટ્રલ બોર્ડ ઓફ સેકન્ડરી એજ્યુકેશન (CBSE) ખાનગી શાળાઓના જોડાણ માટેના નિયમોમાં મોટા ફેરફારો કરવા જઈ રહ્યું છે. નવા ડ્રાફ્ટ મુજબ હવે પ્રાઈવેટ કંપની, એલએલપી (LLP), વન પર્સન કંપની (OPC) સહિતની બોડી કોર્પોરેટ પણ સીબીએસઈ સાથે સંલગ્ન સ્કૂલ શરૂ કરી શકશે. અત્યાર સુધી માત્ર રજિસ્ટર્ડ ટ્રસ્ટ, સોસાયટી અથવા સેક્શન-8 કંપનીને જ આ મંજૂરી હતી.

નવા નિયમો હેઠળ રાજ્ય સરકારના એનઓસી (NOC)ની ફરજિયાત શરત પણ 2026-27થી હળવી કરવામાં આવશે. અરજીના 30 દિવસમાં રાજ્ય તરફથી કોઈ વાંધો નહીં આવે તો એનઓસી મંજૂર ગણાશે. ઉપરાંત, શાળા શરૂ કરવા માટે જરૂરી જમીનની મર્યાદામાં પણ નોંધપાત્ર ઘટાડો કરાયો છે. કેમ્પસમાં 2000 ચોરસ મીટરનું મેદાન ફરજિયાત રાખવાને બદલે હવે 200 મીટરની અંદર આવેલું જાહેર મેદાન, સ્ટેડિયમ અથવા કોલેજનું મેદાન 15 વર્ષની લીઝ પર ઉપયોગમાં લઈ શકાશે.

સીબીએસઈનો આ નિર્ણય નવી શિક્ષણ નીતિ (NEP-2020) અને કેન્દ્ર સરકારની ડિરેગ્યુલેશન નીતિ સાથે સુસંગત માનવામાં આવી રહ્યો છે. બોર્ડનું માનવું છે કે આ ફેરફારોથી ગુણવત્તાયુક્ત શાળાઓની સંખ્યા વધશે, ખાનગી ક્ષેત્રની ભાગીદારી મજબૂત બનશે અને વિદ્યાર્થીઓને વધુ સારી શૈક્ષણિક સુવિધાઓ મળશે. સાથે જ વર્ચ્યુઅલ ઈન્સ્પેક્શન, સ્કૂલ ક્વોલિટી એસેસમેન્ટ ફ્રેમવર્ક અને સેલ્ફ-રિપોર્ટિંગ સિસ્ટમ અમલમાં આવતાં જોડાણ પ્રક્રિયા વધુ પારદર્શક અને ઝડપી બનવાની અપેક્ષા વ્યક્ત કરવામાં આવી છે.

શિક્ષણ ક્ષેત્રના જાણકારોનું માનવું છે કે નવા નિયમોથી દેશભરમાં સીબીએસઈ સ્કૂલોની સંખ્યા વધવાની સાથે સ્પર્ધાત્મક અને આધુનિક શિક્ષણને પ્રોત્સાહન મળશે. જોકે, ખાનગી કંપનીઓને મંજૂરી મળતાં શિક્ષણના વ્યાપારીકરણ અંગે પણ ચર્ચા શરૂ થઈ છે. નિષ્ણાતોના મતે ગુણવત્તા જાળવવા માટે સીબીએસઈએ કડક દેખરેખ અને નિયમિત મૂલ્યાંકન પણ સુનિશ્ચિત કરવું જરૂરી રહેશે.

# નિવૃત્ત જજના મકાનમાંથી રૂ.૧.૯૧ લાખના રોકડ અને દાગીનાની ચોરી

**ચોરોએ** ફતેગંજ વિસ્તારમાં વહેલી સવારે ત્રણ મુખ્ય દરવાજાનો નકુચો તોડી ચોરીને અંજામ આપ્યો

CCTV કેમેરાનુ મેમરી કાર્ડ પણ તસ્કરો ઉઠાવી ગયા

(પ્રતિનિધિ) વડોદરા તા.4

વડોદરાના ફતેગંજ વિસ્તારમાં નિવૃત્ત ડિસ્ટ્રિક્ટ જજના બંધ મકાનને નિશાન બનાવી તસ્કરોએ રૂ.1.91 લાખની ચોરી કરી હોવાની ઘટના સામે આવી છે. ત્રણ અજાણ્યા શખ્સો બાઈક પર આવી મુખ્ય દરવાજાનો નકુચો તોડી ઘરમાં પ્રવેશ્યા હતા અને રોકડ રૂપિયા, ચાંદીના દાગીના, સિક્કા તેમજ CCTV કેમેરાના મેમરી કાર્ડ ચોરી કરી ફરાર થઈ ગયા હતા. ઘટનાની ફરિયાદના આધારે ફતેગંજ પોલીસે ગુનો નોંધી તપાસ શરૂ કરી છે.

રાજકોટ જિલ્લાના અને હાલમાં ન્યુ સમા રોડ વિસ્તારમાં આવેલી દિપક સોસાયટીમાં રહેતા મિઠાભાઈ દલાભાઈ પરમાર (ઉ.વ. 79), નિવૃત્ત ડિસ્ટ્રિક્ટ જજ છે. તેમણે નોંધાવેલી પોલીસ ફરિયાદ મુજબ 3 જુલાઈની વહેલી સવારે આશરે 5 વાગ્યે ત્રણ અજાણ્યા શખ્સો બાઈક પર આવ્યા હતા. આરોપીઓએ મકાનના મુખ્ય દરવાજાનો નકુચો તોડી અંદર પ્રવેશ કર્યો હતો. ત્યારબાદ એક ચાંદીનો સેટ (સોનાની વરખ સાથે), અન્ય એક ચાંદીનો સેટ, લક્ષ્મી માતાના પાંચ ચાંદીના સિક્કા, બે જૂના ચાંદીના એક રૂપિયાના સિક્કા, તિજોરીમાં રહેલા રૂ.1.70 લાખની રોકડ તેમજ બે CCTV કેમેરાના મેમરી કાર્ડ મળી રૂ.1.91 લાખનો મુદ્દામાલ ચોરી કરી ફરાર થઈ ગયા હતા. ફતેગંજ પોલીસે નિવૃત્ત જજની ફરિયાદના આધારે તસ્કરોનું પગેરુ મેળવવા તજવીજ હાથ ધરી છે.

# તરસાલીમાં નવપરણિતાનો આપઘાત, પતિ પર ત્રાસના આક્ષેપ

**લગ્નના** થોડા જ સમયમાં માનસિક હેરાનગતિ શરૂ થઈ હોવાનો પરિવારનો દાવો

**પોલીસે** મૃતદેહ પોસ્ટમોર્ટમ માટે મોકલ્યો, સમગ્ર મામલે તપાસ શરૂ

(પ્રતિનિધિ) વડોદરા, તા. 4

વડોદરાના તરસાલી વિસ્તારમાં આવેલી શિવમ રેસીડેન્સીમાં એક નવપરણિતાએ ગળે ફાંસો ખાઈ આત્મહત્યા કરતાં વિસ્તારમાં ચકચાર મચી ગઈ છે. ઘટનાની જાણ થતાં મૃતકના પરિવારજનો શોકમાં ગરકાવ થઈ ગયા હતા અને સાસરી પક્ષ પર ગંભીર આક્ષેપો કર્યા હતા.

મૃતક નેહાના પરિવારજનોએ જણાવ્યું હતું કે તેના લગ્ન વડોદરાના કાર્તિક જોષી સાથે થયા હતા. લગ્નના થોડા જ સમયમાં પતિ દ્વારા માનસિક ત્રાસ આપવામાં આવતો હોવાનું



તેઓએ આક્ષેપ કર્યો હતો. પરિવારનો દાવો છે કે આ સતત ત્રાસથી કંટાળીને નેહાએ આત્મહત્યાનું પગલું ભર્યું છે.

ઘટનાની જાણ થતાં સ્થાનિક પોલીસ તાત્કાલિક સ્થળ પર પહોંચી હતી. પોલીસે મૃતદેહનો કબજો મેળવી પોસ્ટમોર્ટમ માટે સયાજી હોસ્પિટલ ખાતે મોકલી આપ્યો હતો. સમગ્ર ઘટનામાં મૃતકના પરિવારજનોએ પતિ અને સાસરીયાઓ સામે શંકા વ્યક્ત કરી છે. પોલીસે પતિ કાર્તિક તથા અન્ય સંબંધિત લોકોની પૂછપરછ શરૂ કરી છે અને આત્મહત્યાના ચોક્કસ કારણો જાણવા વિવિધ દિશામાં તપાસ હાથ ધરી છે. પોલીસ તપાસ બાદ જ સમગ્ર ઘટનાની હકીકત સ્પષ્ટ થશે.

# ૬ જુલાઈએ BA વિદ્યાર્થીઓનું ઓરિએન્ટેશન

(પ્રતિનિધિ) વડોદરા, તા. 4

મહારાજા સયાજીરાવ યુનિવર્સિટીની આર્ટ્સ ફેકલ્ટી દ્વારા બીએ પ્રથમ સેમેસ્ટરમાં પ્રવેશ મેળવનાર વિદ્યાર્થીઓ માટે 6 જુલાઈએ ઓરિએન્ટેશન પ્રોગ્રામ યોજાશે. ફેકલ્ટીના ડીન પ્રો. કલ્પના ગાવલી દ્વારા જાહેર કરાયેલી સૂચના મુજબ કાર્યક્રમ બે સત્રમાં યોજાશે.

પ્રથમ સત્ર સવારે 10થી 11 વાગ્યા સુધી અને બીજું સત્ર સવારે 11:15થી બપોરે 12:15 વાગ્યા સુધી રહેશે. વિદ્યાર્થીઓએ તેમને ફાળવાયેલા સત્ર મુજબ હાજરી આપવાની રહેશે. ઓરિએન્ટેશન દરમિયાન નવા વિદ્યાર્થીઓને અભ્યાસક્રમ, પરીક્ષા પદ્ધતિ, ફેકલ્ટીની વિવિધ સુવિધાઓ, શિસ્તના નિયમો તેમજ યુનિવર્સિટીના શૈક્ષણિક માહોલ અંગે માર્ગદર્શન આપવામાં આવશે. નેક દ્વારા A+ ગ્રેડ અને 3.43 સીજીપીએ પ્રાપ્ત આર્ટ્સ ફેકલ્ટીમાં નવા વિદ્યાર્થીઓ સરળતાથી અભ્યાસ શરૂ કરી શકે તે માટે કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે. ડીન ઓફિસે તમામ નવા વિદ્યાર્થીઓને ફરજિયાત હાજર રહેવા અનુરોધ કર્યો છે.

### પ્રી-મોન્સુનની ડાહી-ડાહી વાતો કરતી પાલિકાના કામની પોલ ખુલી

# ‘સ્માર્ટ સિટી’ના દાવા વચ્ચે સમા-સાવલી રોડ પર મસમોટો ભૂવો

**કરોડોના** ખર્ચ છતાં ચોમાસાના પ્રથમ વરસાદમાં જ પાલિકાના ‘પ્રી-મોન્સુન’ પ્લાનનો ફિયાસ્કો

(પ્રતિનિધિ) વડોદરા. તા.૪

વડોદરા મહાનગર પાલિકા એક તરફ ‘સ્માર્ટ સિટી’ના દાવા કરે છે, જ્યારે બીજી તરફ સમા-સાવલી રોડ પર લાડલી પાર્ટી પ્લોટ અને શેલ પેટ્રોલ પંપ નજીક પડેલો મસમોટો ભૂવો વિકાસના દાવાઓ પર સવાલો ઊભા કરી રહ્યો છે. શહેરના સૌથી વ્યસ્ત માર્ગોમાંના એક પર સર્જાયેલી આ સ્થિતિને કારણે વાહનચાલકોમાં ભારે રોષ જોવા મળી રહ્યો છે.

ચોમાસાની શરૂઆત પહેલાં પ્રી-મોન્સુન કામગીરીના નામે લાખો રૂપિયાનો ખર્ચ કરવામાં આવ્યો



હોવાના દાવા છતાં રસ્તા પર પડેલો આ ભૂવો કામગીરીની ગુણવત્તા અંગે પ્રશ્નો ઊભા કરે છે. સ્થાનિકોના જણાવ્યા મુજબ, આ ભૂવોના કારણે રોજિંદા વાહનવ્યવહાર પર અસર પડી રહી છે અને અકસ્માતનો ભય પણ વધી ગયો છે.

વાહનચાલકોનું કહેવું છે કે સમા-સાવલી રોડ પર ભારે ટ્રાફિક રહે છે. આવી સ્થિતિમાં રસ્તાની વચ્ચે પડેલો મસમોટો ભૂવો ગમે ત્યારે ગંભીર અકસ્માતનું કારણ બની શકે છે. તેમ છતાં તંત્ર દ્વારા હજુ સુધી અસરકારક કાર્યવાહી કરવામાં આવી નથી. લોકોનો આક્ષેપ છે કે પ્રી-મોન્સુન કામગીરી માત્ર કાગળો પૂરતી જ રહી હોવાનું આ ઘટના પરથી સ્પષ્ટ થાય છે.

સ્થાનિકોમાં માંગ ઉઠી છે કે ભૂવાનું તાત્કાલિક સમારકામ કરવામાં આવે તેમજ સમગ્ર માર્ગનું તકેદારીપૂર્વક નિરીક્ષણ કરી જોખમી સ્થળોની મરામત હાથ ધરવામાં આવે. સાથે જ પ્રી-મોન્સુન કામગીરીમાં થયેલા ખર્ચ અને તેની ગુણવત્તાની પણ તપાસ કરવામાં આવે, જેથી ભવિષ્યમાં આવી સ્થિતિ ફરી સર્જાય નહીં અને નાગરિકોની સુરક્ષા સુનિશ્ચિત થઈ શકે.

# ભાયલી ફાયરિંગ કેસ : છ આરોપીના એક દિવસના રિમાન્ડ મંજૂર કરાયા

**દારૂની** પાર્ટી દરમિયાન ઉશ્કેરાટમાં મેહુલ ગઢવીએ પિસ્તોલમાંથી ફાયરિંગ કર્યું હતું

(પ્રતિનિધિ) વડોદરા તા.4

વડોદરાના ભાયલી ખાતે પ્રિયા સિનેમા ચાર રસ્તા નજીક આવેલા આરના-48 ફ્લેટમાં થયેલા ફાયરિંગના બનાવનો વડોદરા ગ્રામ્ય પોલીસે કલાકોમાં ભેદ ઉકેલી મુખ્ય આરોપી સહિત કુલ છ આરોપીઓને ઝડપી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. કોર્ટમાં રજૂ કરાયેલા તમામ આરોપીઓના એક દિવસના પોલીસ કસ્ટડી રિમાન્ડ મંજૂર કરવામાં આવ્યા છે.

પોલીસ તપાસમાં સામે આવ્યું છે કે મુખ્ય આરોપી મેહુલ મહેન્દ્રભાઈ ગઢવી (રહે. સોકલી, તા. વિરમગામ, અમદાવાદ) શક્તિસિંહ વનરાજસિંહ રાણા, સંજયભાઈ રમેશચંદ્ર દવે, વિજયકુમાર ચંદુલાલ ભારવાડી, દીપક શંભુનાથ ઝા અને ઈન્દ્રજીતસિંહ અનિરૂદ્ધસિંહ વાઘેલા સાથે ઓફિસમાં વિદેશી દારૂની મહેફિલ માણી રહ્યો હતો. આ દરમિયાન કોઈ બાબતે બોલાચાલી થતાં ઉશ્કેરાયેલા મેહુલ ગઢવીએ પોતાની રિવોલ્વરમાંથી ફાયરિંગ કર્યું હતું. ફાયર કરાયેલી ગોળી સામે આવેલા ફ્લેટના કાચમાં વાગતાં વિસ્તારમાં દહેશતનો માહોલ સર્જાયો હતો. બનાવની જાણ થતાં તાલુકા પોલીસની ટીમ તાત્કાલિક ઘટનાસ્થળે પહોંચી હતી અને સીસીટીવી ફૂટેજ, ટેકનિકલ સર્વેલન્સ, હ્યુમન સોર્સ તેમજ એફએસએલની મદદથી થોડા જ કલાકોમાં સમગ્ર ઘટનાનો ભેદ ઉકેલી આરોપીઓને ઝડપી પાડ્યા હતા. શનિવારે તાલુકા પોલીસે તમામ છ આરોપીઓને કોર્ટમાં રજૂ કરી ત્રણ દિવસના પોલીસ રિમાન્ડની માંગણી કરી હતી. જોકે કોર્ટે તમામ છ આરોપીઓના એક દિવસના પોલીસ કસ્ટડી રિમાન્ડ મંજૂર કરતાં હવે પોલીસે વધુ પૂછપરછ શરૂ કરી છે.

### પૂર્વ સૂચના કે ડાયવર્ઝન વિના કામગીરીથી બંને દિશામાં કલાકો સુધી વાહનોની લાંબી કતારો

# અંકલેશ્વર દિલ્હી-મુંબઈ એક્સપ્રેસ-વે પર ટ્રાફિક જામ

**દિલ્હી-મુંબઈ** એક્સપ્રેસ-વે પર વીજલાઈનના કામે સર્જ્યો ટ્રાફિક જામ, તંત્રની બેદરકારી સામે રોષ

(પ્રતિનિધિ) અંકલેશ્વર,ભરૂચ, તા. 4

દિલ્હી-મુંબઈ એક્સપ્રેસ-વે પર આજે હાઈટેન્શન વીજલાઈનના કામ દરમિયાન તંત્ર અને કોન્ટ્રાક્ટરની ગંભીર બેદરકારી સામે આવતાં કલાકો સુધી ટ્રાફિક જામ સર્જાયો હતો. પૂર્વ આયોજન, જાહેર સૂચના કે ટ્રાફિક ડાયવર્ઝનની કોઈ વ્યવસ્થા ન હોવાથી હજારો વાહનચાલકો ભારે હાલાકીનો ભોગ બન્યા હતા.



અંકલેશ્વર તાલુકાના પીલુદરા ગામ નજીક એક્સપ્રેસ-વે પર હાઈટેન્શન લાઈનનું કામ ચાલી રહ્યું હતું. મળતી માહિતી મુજબ, કોઈ પૂર્વ સૂચના વિના અચાનક માર્ગ પર વાયર મૂકીને કામગીરી હાથ ધરવામાં આવી હતી. જેના કારણે બંને દિશામાં વાહનોની લાંબી કતારો લાગી ગઈ હતી. મુસાફરો કલાકો સુધી ટ્રાફિકમાં ફસાઈ રહ્યા હતા, જ્યારે ઘણા વાહનચાલકોએ વૈકલ્પિક માર્ગો શોધવા માટે મથામણ કરી હતી.

સુરત, વડોદરા, નવસારી સહિતના મોટા શહેરો વચ્ચે ઝડપી અવરજવર માટે રોજ હજારો વાહનચાલકો આ એક્સપ્રેસ-વેનો ઉપયોગ કરે છે. આજની ઘટનાએ આ બધાની મુસાફરીને અસ્તવ્યસ્ત કરી દીધી. આથી વાહનચાલકોમાં ભારે રોષ જોવા મળ્યો હતો. કેટલાક વાહનચાલકો સ્થળ પર પહોંચીને કોન્ટ્રાક્ટર સામે ઉગ્ર વિરોધ નોંધાવતા બોલાચાલીના દ્રશ્યો પણ સર્જાયા હતા.

વાહનચાલકોનો આક્ષેપ છે કે, જો કામગીરી અંગે અગાઉથી જાહેર સૂચના આપવામાં આવી હોત,ટ્રાફિકનું યોગ્ય આયોજન કરવામાં આવ્યું હોત અથવા વૈકલ્પિક માર્ગની વ્યવસ્થા કરાઈ હોત,એક વાહનચાલકે જણાવ્યું, “અમે કલાકો સુધી એક જ જગ્યાએ અટવાયેલા રહ્યા. ન તો કોઈ અધિકારી આવ્યો, ન તો કોઈ ડાયવર્ઝન બોર્ડ મૂકવામાં આવ્યું. આ સંપૂર્ણ બેદરકારી સામે આવી છે.”

ઉલ્લેખનીય છે કે, ચોમાસા બાદ એક્સપ્રેસ-વે પર અનેક સ્થળોએ પડેલા ખાડાઓને કારણે મુસાફરો પહેલેથી જ મુશ્કેલી અનુભવી રહ્યા છે. ત્યારે હવે આયોજનના અભાવે હાથ ધરાયેલી આ કામગીરીએ લોકોની વ્યથામાં વધુ વધારો કર્યો છે.

આ ઘટનાને પગલે વાહનચાલકોમાં પ્રશ્નો ઉઠી રહ્યા છે કે કરોડો રૂપિયાનો ટોલ વસૂલતી એજન્સી અને જવાબદાર તંત્ર દ્વારા આટલી મહત્વની કામગીરી માટે પૂરતું આયોજન કેમ કરવામાં આવ્યું નહીં? ભવિષ્યમાં આવી સ્થિતિ ફરી ન સર્જાય તે માટે તંત્ર શું પગલા લેશે?

# ‘એક પેડ માઁ કે નામ’ અભિયાન વચ્ચે વડોદરામાં પાલિકાએ જ ઉખાડી નાખ્યા લીલાછમ છોડો

**સ્ટ્રીટ** લાઇટના વાયર નાખવાની કામગીરીમાં રોપાઓનો નાશ, વિકાસ સામે પર્યાવરણની અવગણનાના આક્ષેપ

(પ્રતિનિધિ) વડોદરા, તા. 4

વડાપ્રધાન નરેન્દ્ર મોદીના ‘એક પેડ મા કે નામ’ અભિયાન દ્વારા દેશભરમાં વૃક્ષારોપણ અને પર્યાવરણ સંરક્ષણનો સંદેશ આપવામાં આવી રહ્યો છે. જોકે, વડોદરામાં સમા-સાવલી રોડ પર મેટ્રો હોસ્પિટલ નજીક સામે આવેલી ઘટના આ અભિયાન સામે પ્રશ્નાર્થ ઊભો કરી રહી છે.

સ્ટ્રીટ લાઈટના વાયર નાખવાની કામગીરી દરમિયાન સ્થળ પર ઉછરેલા નાના છોડને ઉખાડી નાખવામાં આવ્યા હોવાનું સ્થાનિકોએ આક્ષેપ કર્યો છે. વિકાસના કામો દરમિયાન પર્યાવરણની જાળવણી માટે પૂરતી કાળજી રાખવામાં આવી ન હોવાના કારણે સ્થાનિકોમાં ભારે રોષ ફેલાયો છે.

રહેવાસીઓનું કહેવું છે કે વાયર નાખવાની કામગીરી એવી રીતે પણ થઈ શકતી હતી કે જેમાં છોડને નુકસાન ન પહોંચે. એક તરફ પાલિકા વૃક્ષારોપણના કાર્યક્રમો યોજે છે, જ્યારે બીજી તરફ વિકાસના કામોમાં હરિયાળીનો નાશ થતો હોવાની ફરિયાદો ઉઠી રહી છે.

સ્થાનિકોનું માનવું છે કે પાલિકાના વિવિધ વિભાગો વચ્ચે સંકલનના અભાવે આવી સ્થિતિ સર્જાઈ છે. તેઓએ ઉખાડી નાખવામાં આવેલા છોડનું પુનઃરોપણ કરવા તેમજ જવાબદાર એજન્સી સામે કાર્યવાહી કરવાની માંગ કરી છે. નાગરિકોનું કહેવું છે કે શહેરનો વિકાસ અને પર્યાવરણનું સંરક્ષણ બંને સાથે શક્ય છે, જો તંત્ર ગંભીરતાથી આયોજન કરીને કામગીરી કરે.



### હાનિકારક કોનોકાર્પસના છોડ દૂર કરાયા

સ્થાનિક કોર્પોરેટર અને રાહદારીઓની રજૂઆતને ધ્યાનમાં રાખી તેમજ નજીકમાં સ્કૂલ હોવાથી આરોગ્ય માટે હાનિકારક ગણાતા કોનોકાર્પસના છોડ દૂર કરવામાં આવ્યા છે. તેના સ્થાને અન્ય યોગ્ય વૃક્ષોનું વાવેતર કરાશે, - **નિલેશકુમાર હડિયા,** અધિકારી, પાર્ક્સ એન્ડ ગાર્ડન શાખા, નિલેશકુમાર હડિયા